नमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।

# श्रुतसंविभाग – १०

April, 2018 વૈશાખ, ૨૦૭૪

## આપણું જ્ઞાન : વિનય-પ્રાપ્ત કે વિનયરહિત ?

જ્ઞાન બે રીતે પ્રાપ્ત થાય : વિનય વડે અને ક્ષયોપશમ વડે.

ક્ષયોપશમ એ બડો વિચિત્ર પદાર્થ છે. તેનો સીધો સંબંધ કર્મ સાથે હોવાથી તે કર્મજનિત વ્યક્તિત્વનો એક અંશ હોવાનું માની શકાય. ક્ષયોપશમની વિચિત્રતાને કારણે ઘણા લોકોને જ્ઞાન એવું તો ચડે કે તે જોઈને આપણે મોંમાં આંગળાં નાખવાં પડે. સેંકડો ગાથાઓ ઝડપથી કરી શકે; એકવાર વાંચે કે સાંભળે ને યાદ રહી જાય; ઓછા પર્યાયમાં અને નાની વયમાં જ, મોટા મોટાને ન ફાવે તેવા ગ્રંથો શીખી લે. આ બધો જ પ્રભાવ ક્ષયોપશમનો છે.

પણ આ ક્ષયોપશમ જ્ઞાનની ખાતરી આપે, ગુણોની નહિ. ઘણીવાર, ના, મોટા ભાગે એવું જોવા મળે છે કે આવો માણસ અભિમાની અને અક્કડ હોય; ક્યારેક તો બીજાને જુએ તેમ પોતાના ગુરુજનને પણ તુચ્છભાવથી જોવા લાગે. તેનામાં વિનય, નમ્રતાની જગ્યાએ ઉદ્ધતાઈની છાંટ વધુ હશે. તેને બીજાના જ્ઞાનનો સ્વીકાર કરતાં જરા કષ્ટ થશે, બલ્કે ઈર્ષ્યા થશે. 'મને આવડે છે, મારા જેવું બીજાને ન આવડે' આવી માન્યતા ક્ષયોપશમવંતના ચિત્તમાં બેઠેલી હોય છે. એક વાત, જે બહુ જાણીતી જ છે, તે આ : એવા જીવને જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય, મોહનીયનો નહિ હોય.

જ્ઞાન વિનય વડે પણ પ્રાપ્ત થાય છે. વિનય એટલે નમ્રતા. વિનય એટલે લઘુતા. વિનય એટલે અન્યનો આદર અને પૂજ્યોનું બહુમાન. વિનય હોય ત્યાં આવડત હોય કે ન હોય, પણ જિજ્ઞાસા અવશ્ય હોય. જ્ઞાનપ્રાપ્તિની અનિવાર્ય પૂર્વશરત તે જિજ્ઞાસા.

ગુરુજનોનો વિનય જેમ જેમ કરતાં જઈએ, તેમ તેમ જ્ઞાનનો ક્ષયોપશમ ખીલતો જાય. વિનયજન્ય ક્ષયોપશમ જેમ જેમ ખીલે, તેમ તેમ જ્ઞાન પરિણમતું જાય. જ્ઞાન આવડે ક્ષયોપશમથી, પણ પરિણમે તો વિનયથી જ.

વિનયી જન પોતાને આવડે તે માટે નિરંતર ઉત્સુક હોય, પરંતુ, 'મને આવડે છે, પણ મારા વડીલોને નથી આવડતું' તેવો અવિવેક અને તુચ્છભાવ તેના દિલમાં ન અડે. વિનય ઉપકારબુદ્ધિ આપે, દોષદૃષ્ટિ નહિ. વિનય-પ્રાપ્ત જ્ઞાન ખુદના દોષ જોતાં શીખવાડે, વિનયરહિત જ્ઞાન અન્યના બલ્કે ગુરુના પણ દોષો દેખાડી આપે. ઓછું ભણેલા ગુરુનો પણ વિનય યોગ્ય રીતે કરવામાં આવે તો તેવો વિદ્યાર્થી વિલક્ષણ કે વિશિષ્ટ જ્ઞાન હાંસલ કર્યા વગર ન રહે. જ્ઞાનપ્રાપ્તિ કેવળ કર્મ-ક્ષયોપશમને આધીન નથી; તેમાં તો ગુરુની કૃપા પણ સબળ કે અનિવાર્ય કારણ છે. ક્ષયોપશમ શ્રુતજ્ઞાન અપાવે, ગુરુકૃપા તો કેવળજ્ઞાન પણ પમાડે.

વિનયની વ્યુત્પત્તિ પણ સમજવા જેવી : **विनीयते येन स विनयः** – જેના સામર્થ્યથી 'વિનીત'ના ચિત્તમાં પડેલી ઉત્તમ ક્ષમતા બહાર આણવામાં આવે તે છે વિનય. તમે ગુરુનો, વડીલોનો, દેવનો, જ્ઞાનનો વિનય જેમ જેમ કરતાં જાવ, તેમ તેમ તમારી ક્ષમતા વિકસતી જશે, તમારી સમજણ ખીલતી જશે, તમારામાં સર્જનશક્તિ પાંગરતી જશે. ફરી, શિષ્યમાં પડેલા ઉત્તમ અંશને ઉજાગર કરી આપે તેનું નામ વિનય.

આ વિનય જ્ઞાન તો પમાડે જ, સાથે સાથે દોષદૃષ્ટિ શમાવે, ગુણદૃષ્ટિ ખીલવે, પરિણતિને નિર્મળ બનાવે, 'કૃપા' સંપડાવે, અને ઉદ્ધત, નફ્ફટ, અપાત્ર બનતાં બચાવે.

સાધુ-મિત્રો! પ્રભુશાસનના આ વિનયને આત્મસાત્ કરજો! અવિનયની જે આદત ઘર કરી ગઈ છે ને જે સ્વાભાવિક હોવાનું માની લીધું છે તે આદતને નિવારજો! અને જુઓ, પછી તમારો સ્વાધ્યાય કેવો રંગ લાવે છે જીવનમાં!

**વિજયશીલચંદ્રસૂરિ**

# *દ્રવ્યાનુયોગ*

## ૧. <u>સયોગીકેવલી</u> <u>ગુણસ્થાનકની</u> <u>સ્થિતિ</u>

વાચકવર્ય *શ્રીઉમાસ્વાતિજી* ભગવંત રચિત *પ્રશમરતિપ્રકરણ* માં સયોગીકેવલી ગુણસ્થાનકની સ્થિતિ દર્શાવતી ગાથા આ પ્રમાણે છે –

क्षीणचतुष्कर्मांशो वेद्यायुर्नामगोत्रवेदयिता । विहरति मुहूर्तकालं देशोनां पूर्वकोटिं वा ।। २७१ ।।

પ્રસ્તુત શ્લોકમાં સયોગીકેવલી ગુણસ્થાનકની જઘન્ય સ્થિતિ એક મુહૂર્ત જણાવી છે. તેની અજ્ઞાતકર્તૃક ટીકા તથા બૃહત્તપાગચ્છીય આચાર્ય *શ્રીહરિભદ્રસૂરિજી* કૃત વિવરણમાં અને અજ્ઞાતકર્તૃક *અવચૂરિ* માં પણ જઘન્ય સ્થિતિ એક મુહૂર્ત જ જણાવી છે –

1) मुहूर्तकालं घटिकाद्वयं लब्धकेवलज्ञानः सन् विहरति भव्यसत्त्वान् प्रतिबोधयन् । - *ટીકા*

2) एवंविधः सन् विहरति - भ्रमति । मुहूर्तकालं जघन्येन देशोनां पूर्वकोटिं वा उत्कृष्टत इति । - *વિવરણ*

3) क्षीणघातिकर्मचतुष्कः भवोपग्राहिकर्मचतुष्कं वेदयिता जघन्येन घटिकाद्वयम्... । - *અવચૂરિ*

જ્યારે *કર્મગ્રંથ, પંચસંગ્રહ* આદિમાં સયોગીકેવલી ગુણસ્થાનકની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત જ જણાવી છે –

स भगवान् सयोगिकेवली जघन्यतोऽन्तर्मुहूर्त्तमुत्कृष्टतो देशोनां पूर्वकोटिं विहृत्य कश्चित् कर्मणां समीकरणार्थं समुद्घातं करोति । - *કર્મસ્તવ* – શ્લોક - ૨, સ્વોપજ્ઞ ટીકા सयोगिकेवली च जघन्येनाऽन्तर्मुहूर्त्तकालं यावद् भवति, उत्कर्षतो देशोनां पूर्वकोटिम् । - *પંચસંગ્રહ* - દ્વાર - ૧, *મલયગિરિજી* કૃત ટીકા

આ ઉપરથી પ્રશ્ન થઈ શકે કે *પ્રશમરતિપ્રકરણ* માં જઘન્ય સ્થિતિ મુહૂર્ત કહેવા પાછળ શું કારણ? પરંતુ જો અત્રે મુહૂર્ત શબ્દ અંતર્મુહૂર્ત અર્થમાં રૂઢિથી પ્રયુક્ત છે એમ સમજીએ તો શંકાને અવકાશ રહેતો નથી.

*

## ૨. <u>કર્મવિષયક</u> <u>એક</u> <u>નવો</u> <u>ઉલ્લેખ</u>

*ગુણસ્થાનક્રમારોહ* - શ્લોક ૮૨ ની સ્વોપજ્ઞ વૃત્તિ આ પ્રમાણે છે –

“एवं पूर्वोक्तप्रकारेण त्रिषष्टिप्रकृतीनां स्थितिः क्षीणमोहान्तैव, कोऽर्थः? चतुर्थगुणस्थानादारभ्य क्षीयमाणानां प्रकृतीनां त्रिषष्टिः क्षीणमोहे सम्पूर्णा, यथैकस्याः प्रकृतेश्चतुर्थगुणस्थाने क्षयः, पुनरेकस्याः पञ्चमे, अष्टानां सप्तमे, षट्त्रिंशत्-प्रकृतीनां नवमे, एकस्याः प्रकृतेर्दशमे, <u>सप्तदशप्रकृतीनां द्वादशे क्षयः</u> । इत्येवं त्रिषष्टिप्रकृतीनां क्षीणमोहान्तैव स्थितिरुक्ता, तथा शेषास्त्रिषष्टिव्यतिरिक्ताः पञ्चाशीतिप्रकृतयो ‘जरद्वस्त्रप्राया’ अत्यर्थं जीर्णचीवरकल्पाः सयोगिगुणस्थाने भवन्ति ।।”

હવે બારમા ગુણઠાણે તો ૧૬ પ્રકૃતિનો જ ક્ષય થાય છે – દ્વિચરમ સમયે નિદ્રાદ્વિક અને ચરમ સમયે ૫ જ્ઞાનાવરણીય, ૪ દર્શનાવરણીય અને ૫ અંતરાય. *કર્મગ્રંથ* માં તો આ પ્રમાણે વાત છે જ. ગ્રંથકારશ્રીએ પોતે પણ પાછળ ૮૦-૮૧ ગાથામાં ૧૬ પ્રકૃતિઓનો જ ક્ષય બતાવ્યો છે. પરંતુ અહીં તેઓ પોતે ૧૭ પ્રકૃતિઓનો ક્ષય કહે છે તે નવી વાત જણાય છે. આને અનાભોગ સમજી શકાય? કે મતાંતરરૂપ જ સમજવો જોઈએ? વળી સત્તર પ્રકૃતિઓનો ક્ષય કરીએ તો સરવાળો ૬૪ થાય પરંતુ તે તો ૬૩ જ બતાવે છે.

શ્રીઅમૃતસૂરિજી મ. (હાલારી) દ્વારા સંપાદિત પુસ્તકમાં પણ सप्तदश નો જ ઉલ્લેખ છે. દેવચંદ લાલભાઈ વાળા પુસ્તકમાં પણ सप्तदश નો જ ઉલ્લેખ છે. પરંતુ ત્યાં નવમા ગુણઠાણા બાદ સીધું બારમું ગુણઠાણું દર્શાવ્યું છે. एकस्याः प्रकृतेर्दशमे આ પદ નથી. જે ધ્યાનપાત્ર વાત છે.

**મુનિ શ્રીશ્રુતાંગચંદ્રવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

# *તત્ત્વાર્થસૂત્ર*–ગત ધ્યાનનું લક્ષણ

उत्तमसंहननस्यैकाग्रचिन्तानिरोधो ध्यानम् ।। *તત્ત્વાર્થસૂત્ર* – ૯.૨૭

આ સૂત્રનો સામાન્ય અર્થ આ મુજબ થાય છે – ઉત્તમ સંહનન ધરાવતી વ્યક્તિ દ્વારા એક આલંબનને આશ્રયીને થતો ચિંતાનો નિરોધ ધ્યાન કહેવાય છે.

આ સૂત્ર પર *વાચક શ્રીઉમાસ્વાતિ* ભગવંતે રચેલા સ્વોપજ્ઞ ભાષ્યમાં આ પ્રમાણે જણાવાયું છે –

उत्तमसंहननं वज्रर्षभनाराचं वज्रनाराचं नाराचमर्धनाराचं च । तद्युक्तस्यैकाग्रचिन्ता निरोधश्च ध्यानम् ।।

આ *ભાષ્ય* નો ભાવાર્થ સ્પષ્ટ કરતા *શ્રીસિદ્ધસેન ગણિ* વૃત્તિમાં જણાવે છે કે –

तस्योत्तमसंहननस्यैकाग्रचिन्तानिरोधो ध्यानम् । अग्रम् – आलम्बनम्, एकं च तदग्रं चेत्येकाग्रम्, एकालम्बनमित्यर्थः । एकस्मिन्नालम्बने चिन्तानिरोधः । चलं चित्तमेव चिन्ता, तन्निरोधस्तस्यैकत्राऽवस्थापनमन्यत्राऽप्रचारो निरोधः । अतो निश्चलं स्थिरमध्यवसानमेकालम्बनं छद्मस्थविषयं ध्यानम् । केवलिनां पुनर्वाक्कायययोगनिरोध एव ध्यानम् । नह्यवाप्तकेवलस्य मनोव्यापारः समस्ति, सकलकरणग्रामनिरपेक्षत्वादिति । ... एकाग्रचिन्तानिरोधः । चशब्दाद् वाक्कायनिरोधश्च ध्यानम् ।।

આ વૃત્તિના આધારે બે વાત સ્પષ્ટ થાય છે-

૧. *શ્રીસિદ્ધસેન ગણિ* ના મતે ઉત્તમ સંહનન ધરાવતી વ્યક્તિ દ્વારા એક આલંબનમાં ચિંતાનો નિરોધ થવો એ છદ્મસ્થ જીવનું ધ્યાન છે. આ અર્થ કરવા માટે एकाग्रचिन्तानिरोधः એ પદનો एकाग्रचिन्ताया निरोधः એમ ષષ્ઠી તત્પુરુષથી વિગ્રહ કરવો પડે છે.

૨. કેવલી ભગવંતને મનોવ્યાપાર હોતો નથી. એટલે તેમને માટે વચનયોગ અને કાયયોગનો નિરોધ થવો એ જ ધ્યાન છે. કેવલી ભગવંતના આ ધ્યાનના લક્ષણનો નિર્દેશ મૂળ સૂત્રમાં નથી થયો, પણ ભાષ્યમાં च કારથી એનો સંગ્રહ થયો છે.

દિગંબર પરંપરામાં આ સૂત્ર સહેજ જુદા સ્વરૂપે મળે છે –

उत्तमसंहननस्यैकाग्रचिन्तानिरोधो ध्यानमान्तर्मुहूर्त्तात् ।। *તત્ત્વાર્થસૂત્ર* – ૯.૨૭

પણ અર્થ તો પ્રાયઃ સમાન જ કરવામાં આવે છે. જુઓ *રાજવાર્તિક* – एकमग्रं मुखं यस्य सोऽयमेकाग्रः, चिन्ताया निरोधः चिन्तानिरोधः, एकाग्रे चिन्तानिरोधः एकाग्रचिन्तानिरोधः ।। (૯.૨૭.૫) *સર્વાર્થસિદ્ધિ* – चिन्ता परिस्पन्दवती, तस्या अन्याशेषमुखेभ्यो व्यावर्त्य एकस्मिन्नग्रे नियम एकाग्रचिन्तानिरोध इत्युच्यते ।।

આમાં કેવલી ભગવંતના ધ્યાનનો કોઈ ઉલ્લેખ નથી મળતો તે ખાસ ધ્યાનપાત્ર છે.

હવે ધ્યાનના આ *તત્ત્વાર્થસૂત્ર*-ગત લક્ષણને જ સ્પર્શતા અન્ય બે-ત્રણ ઉલ્લેખો જોઈએ –

*ધ્યાનશતક* માં ધ્યાનનું લક્ષણ દર્શાવનારી ગાથા આમ છે –

अंतोमुहुत्तमित्तं चित्तावत्थाणमेगवत्थुम्मि । छउमत्थाणं झाणं जोगनिरोहो जिणाणं तु ।।

આનો સામાન્ય અર્થ આમ થઈ શકે –

અંતર્મુહૂર્ત માટે એક વસ્તુમાં ચિત્તનું અવસ્થાન એ છદ્મસ્થોનું ધ્યાન છે. અને યોગનિરોધ એ કેવલી ભગવંતોનું ધ્યાન છે. આમાં एकाग्रचिन्ता અને निरोध એમ સ્વામીના ભેદે ધ્યાનનાં બે લક્ષણોનો સંકેત મળે છે.

આ જ વિષયનું વધુ સ્પષ્ટતાથી નિરૂપણ *શ્રીદશવૈકાલિકસૂત્ર* ની *શ્રીઅગસ્ત્યસિંહસૂરિજી* રચિત *ચૂર્ણિ* માં પ્રથમ ગાથાની વ્યાખ્યામાં તપની પ્રરૂપણામાં મળે છે –

इदाणिं झाणं । तस्स इमं सामण्णं लक्खणं – एगग्गचिंतानिरोहो झाणं । अग्गसद्दो आलंबणे वट्टति, एगग्गस्स चिंता <u>एगग्गचिंता</u>, एतं झाणं छउमत्थस्स । <u>निरोहो</u> केवलिणो जोगस्स, चिंता नत्थि त्ति । ... जति एगग्गचिंता झाणं ततो जोगनिरोहो सुतरामेव ।।

આમાં એક આલંબનને આશ્રયીને થતી ચિંતા એ છદ્મસ્થોનું ધ્યાન અને યોગનિરોધ એ કેવલી ભગવંતોનું ધ્યાન છે એમ કહીને एकाग्रचिन्ता અને निरोध એમ ધ્યાનનાં બે લક્ષણોનો સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો છે. આ લક્ષણો તો જ શક્ય બને કે જો एकाग्रचिन्तानिरोधः એ પદનો एकाग्रचिन्ताया निरोधः એમ ષષ્ઠી તત્પુરુષથી વિગ્રહ કરવાને બદલે एकाग्रचिन्ता અને निरोधः એ બેને સ્વતંત્ર પદો જ સમજવામાં આવે. સ્વયં સૂત્રકાર ભગવંતે પણ સ્વોપજ્ઞ ભાષ્યમાં तद्युक्तस्यैकाग्रचिन्ता निरोधश्च ध्यानम् એમ કહીને ધ્યાનનાં બે સ્વતંત્ર લક્ષણોનો જ નિર્દેશ કર્યો હોવાનું સમજાય છે[1]. પરંતુ વૃત્તિકાર *શ્રીસિદ્ધસેન ગણિ* એ આશ્ચર્યજનક રીતે તે બેને સ્વતંત્ર લક્ષણો ગણવાના બદલે एकाग्रचिन्तानिरोधः એમ સમાસ કરીને અર્થ કર્યો છે! આમ કરવામાં અલબત્ત તાત્પર્યમાં કોઈ ફેર કદાચ નથી પડતો, કેમ કે एकाग्रचिन्ता (ભાષ્યકારના મતે) અને एकाग्रचिन्ता-निरोधः (વૃત્તિકારના મતે) નું મન્તવ્ય તો સરખું જ છે. પણ, વૃત્તિકારે આવો અર્થ કર્યા પછી કેવલી ભગવંતોના ધ્યાનનું લક્ષણ निरोधः ભાષ્યમાં મુકાયેલા चकारથી ખેંચવું પડે છે. અને મૂળ સૂત્રમાં આ લક્ષણનો, સાક્ષાત્ કે ઉપલક્ષણથી પણ, કોઈ જ નિર્દેશ નથી એમ માનવું પડે છે. વાસ્તવમાં જો આવું જ હોય તો એને સૂત્રકારની ઉણપ જ ગણવી પડે. જ્યારે *શ્રીદશવૈકાલિકસૂત્ર* ના ચૂર્ણિકાર દર્શાવે છે તેવો (एकाग्रचिन्ता અને निरोधः એવો) સમાસવિગ્રહ કરીએ તો ધ્યાનનાં બન્ને લક્ષણોનો સંગ્રહ મૂળસૂત્રમાં જ થઈ ગયો છે તેમ ફલિત થવાથી સૂત્રકાર ભગવંતની કોઈ ઉણપ રહેતી નથી.

આમ, સમગ્ર રીતે વિચારતાં આ સૂત્રમાં एकाग्रचिन्तानिरोधः એ પદનો एकाग्रचिन्ताया निरोधः એમ ષષ્ઠી તત્પુરુષથી વિગ્રહ કરવાને સ્થાને एकाग्रचिन्ता અને निरोधः એમ બે સ્વતંત્ર પદો સમજવા જ વધુ યોગ્ય જણાય છે.

અલબત્ત, આવો વિગ્રહ ન કરીને પણ, આ સૂત્રમાં ધ્યાનનાં બન્ને લક્ષણોનો સંગ્રહ કરવા માટે બેએક પ્રયાસો થયા છે જે નોંધપાત્ર જણાય છે –

૧. *શ્રીદશવૈકાલિકસૂત્ર* ની જ બીજી એક *ચૂર્ણિ જે વૃદ્ધવિવરણ* તરીકે ઓળખાય છે તેમાં चिन्तानिरोधः ને અધ્યવસાન પરક ઘટાવીને जं थिरमज्झवसाणं तं झाणं એવું લક્ષણ દર્શાવ્યું છે. અને આ લક્ષણ છદ્મસ્થ તેમ જ કેવલી ભગવંત – બન્નેના ધ્યાનને લાગુ પડે છે તેમ જણાવ્યું છે. પણ *શ્રીઅગસ્ત્યસિંહસૂરિજી* રચિત *ચૂર્ણિ* માં બહુ કડક રીતે આ પ્રરૂપણાનો પ્રતીકાર થયો છે. તેમાં જણાવ્યું છે કે આ સૂત્રનો જો યોગ્ય વિગ્રહ કરવામાં આવે તો એમાંથી જ ધ્યાનનાં બન્ને લક્ષણોને સરળતાથી સમજાવી જ શકાય છે. તો આવી રીતે સૂત્રનું દૂષણ આપવાનું અને અર્થ બદલી નાખવાનું શું પ્રયોજન? વળી, ચિંતા અને અધ્યવસાન – બન્ને આભિનિબોધિક જ્ઞાનના જ ભેદો છે. તો આ રીતે પણ તમારું બનાવેલું લક્ષણ કેવલી ભગવંતોને તો લાગુ નથી જ પડવાનું. કારણ કે કેવલી ભગવંતને ચિંતાની જેમ અધ્યવસાન પણ નથી જ હોતું. ખંડનનો મૂળ પાઠ –

जे पुण भणंति ... एतं न घटते केवलिणो आभिणिबोहियभेदो चिंत त्ति तम्हा दढमज्झवसाणं झाणमिति ते अविदितविग्गहभेदा सुत्तदूसणेणं बुद्धिमाहप्पमभिलसंति, परिफग्गु जंपियं, दढमज्झवसाओ एतं विसेसेणं चिंतारूवं ... तक्कादतो सव्वे आभिणिबोहियनाणभेदा पढिता *तत्त्वार्थे*॥

૨. *ભગવતીઆરાધના* ની ગાથા ૧૮૮૦ ની વૃત્તિમાં આ સંદર્ભે જણાવ્યું છે કે –

एकाग्रचिन्तानिरोधो ध्यानमित्यत्र सूत्रे चिन्ताशब्दो ज्ञानसामान्यवचनः । तेन श्रुतज्ञानं क्वचिद् ध्यानमित्युच्यते, क्वचित् केवलज्ञानं क्वचिच्छ्रुताज्ञानं क्वचिन्मतिज्ञानं मत्यज्ञानं वा । यतोऽविचलत्वमेव ध्यानं, ज्ञानस्य तस्याऽविचलत्वं साधारणं सर्वज्ञानोपयोगानाम् ॥

આનો ભાવાર્થ આમ સમજાય છે –

એકાગ્રચિંતાનિરોધમાં ચિંતાશબ્દ જ્ઞાનસામાન્યનો વાચક છે. તેથી ક્યાંક શ્રુતજ્ઞાનને ધ્યાન કહે છે, ક્યાંક કેવલજ્ઞાનને ધ્યાન કહે છે, ક્યાંક શ્રુતઅજ્ઞાનને ધ્યાન કહે છે, તો ક્યાંક મતિજ્ઞાન કે મતિઅજ્ઞાનને ધ્યાન કહે છે. કેમ કે જ્ઞાનની નિશ્ચલતાનું જ બીજું નામ ધ્યાન છે. અને જ્ઞાનની આ નિશ્ચલતા તો સર્વ ઉપયોગોમાં સાધારણ છે. તેથી ધ્યાનનું આ લક્ષણ સર્વ નિશ્ચલ જ્ઞાનોપયોગોમાં ઘટે છે. અને આ રીતે વિચારીએ તો પણ ધ્યાનનું આ લક્ષણ પરિપૂર્ણ જ બને છે.

---

[1] અલબત્ત આવો અર્થ કરવા માટે સ્વતંત્ર પદો સમજવાને બદલે एकाग्रचिन्तानिरोध નો દ્વંદ્વ સમાસથી પણ વિગ્રહ કરી શકાય. પણ તેમ કરવા માટે उत्तमसंहननस्यैकाग्रचिन्ता-निरोधौ ध्यानम् એવો સૂત્રપાઠ કલ્પવો પડે. સંભવિત છે કે મૂળ પાઠ કદાચ આવો જ હશે, પણ અર્થ બદલાયા પછી ०निरोधौ નું ०निरोधो થયું હોય.

વળી, *શ્રીસિદ્ધસેન ગણિ* જણાવે છે તેમ કેવલી ભગવંતને મનોવ્યાપાર હોતો નથી, એટલે તેમને માટે વચનયોગ અને કાયયોગનો નિરોધ થવો એ જ ધ્યાન છે એ વાતનું નિરાકરણ પણ *શ્રીઅગસ્ત્યસિંહસૂરિજી* રચિત *ચૂર્ણિ* માં થયું છે –

केवलिणो तन्निरोहो न संभवति त्ति केति, तं न, दव्वमणनिरोहो तस्स भगवतो ।।

અર્થાત્ કેવલી ભગવંતોને ભાવમનનો નિરોધ ન હોય તો પણ દ્રવ્યમનનો નિરોધ તો તેમને પણ સંભવિત છે જ. અને એ નિરોધ કરવો એ જ તેઓનું ધ્યાન છે.

આમ *તત્ત્વાર્થસૂત્ર*–ગત ધ્યાનનું લક્ષણ અનેક સંદર્ભે વિચારણીય જણાય છે. અનુભવી તજ્જ્ઞો આ વિષે વધુ પ્રકાશ પાથરે તેવી અપેક્ષા. **त्रै.**

* * *

## <u>સંમૂર્ચ્છિમ મનુષ્યનો વિરહકાળ</u>

સંમૂર્ચ્છિમ મનુષ્યનો વિરહકાળ ઉત્કૃષ્ટથી ૨૪ મુહૂર્ત હોય છે. તે વાત પ્રસિદ્ધ છે. પરંતુ આ પ્રરૂપણા મુજબ મનુષ્યનાં અશુચિ સ્થાનોમાં ઉત્પન્ન થતા આ જીવો જો ક્યારેક ૨૪ મુહૂર્ત સુધી ઉત્પન્ન ન થતા હોય તો મનુષ્યની અશુચિમાં સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉત્પન થાય જ તે નિયમ ન ઘટે.

આ સંબંધે *પ્રશ્નોત્તરસમુચ્ચય* (*બાલાવબોધ*) માં *શ્રીદીપવિજયજી* એ પૂર્વાર્ધ – પ્રશ્ન ૨૬ માં જણાવ્યું છે કે –

पन्नवणासूत्र में छट्ठे पदे विरहकालने अधिकारे संमूर्च्छिम मनुष्यनो उपजवानो विरहकाल 'गोयमा! जहन्नेण एक समयं उक्कोसेणं चउवीस मुहुत्ता' ए रीते कह्युं, पण एवडा अंतरमां २४ मुहूर्त सुधी १४ थानकादि बीजां पण घणां ठेकाणां उपजवानां छे. माटे चोवीस मुहूर्त सुधी उपज्या विगर रहे नहीं माटे ए किम?

मुहूर्त २ प्रकारना छे - सूक्ष्म १ बादर २. तेमांथी इहां सूक्ष्म मुहूर्त लेवुं. एटले नव समये मुहूर्त थाईं छे. ते सूक्ष्म अंतरमुहूर्त लेवुं. ए वाते कशो दोष नथी.

પરંતુ જો આ રીતે સૂક્ષ્મ મુહૂર્ત પ્રમાણે વિરહકાળ ગણીએ તો કુલ મળીને ૧ આવલિકા જેટલો પણ વિરહકાળ ન થાય. તો આ વિવક્ષાનો ઉદ્દેશ વિચારણીય છે. વળી, બીજા કોઈ પણ પદમાં આવા સૂક્ષ્મ મુહૂર્તથી ગણતરી નથી દેખાતી. તો આ એક જ ઠેકાણે આવી રીતે કરવાનું શું પ્રયોજન? અને જો આવો જ અર્થ અત્રે કરવાનો હોત તો સાક્ષાત્ કથન કરવાનું શક્ય હતું જ. તેમ ન કરવાનું શું કારણ?

આ વિશે *સેનપ્રશ્ન* – ઉલ્લાસ – ૨ પ્રશ્ન – ૬૨ માં અલગ વાત વાંચવા મળી છે –

*सङ्ग्रहण्यां* नरद्वारे 'गब्भे मुहुत्त बारस, इअरे चउवीस विरह उक्कोसो' इत्यत्र नरलोके सततगर्भजमनुजसद्भावे संमूर्च्छिममनुजानां कथं विरहः स्यादिति प्रश्नेऽत्रोत्तरं मनुष्यलोके निरन्तरगर्भजमनुजसद्भावेऽपि चतुर्विंशतिमुहूर्तावधि संमूर्च्छिममनुजानां विरहकालः कदाचित् सम्भवति, यतः पूर्वोत्पन्नानां चाऽन्तर्मुहूर्त(स्थितिक)त्वेन तत्पर्यन्ते सर्वेषां निर्लेपनादिति *जीवसमासवृत्ता*वुक्तत्वेनेति ।।

અત્રે સ્પષ્ટતઃ સંમૂર્ચ્છિમ મનુષ્યનો વિરહકાળ ઉત્કૃષ્ટથી ૨૪ મુહૂર્ત હોય છે તે મુહૂર્ત બાદર જ લેવાનાં છે તેવું સૂચન મળે છે. આ વાત *દીપપ્રશ્ન* ના ઉત્તર સાથે કઈ રીતે સંગત થશે?

**મુનિ શ્રીસૌમ્યચંદ્રવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

* * *

<u>શુદ્ધિ-વૃદ્ધિ</u>

**શ્રુતસંવિભાગ-૮**, પૃષ્ઠ – ૨૧, પંક્તિ – ૧૮,૨૧ – ૧,૬૦,૦૦૦ ને સ્થાને ૧,૬૦,૦૦,૦૦૦ વાંચવું. – **મુનિ શ્રીસૌમ્યપ્રભવિજયજી** (શ્રીકેસરસૂરિજી-સમુદાય)

# *आवश्यकसूत्र मलयगिरीय* टीका भाग - ३ के मतांतर

**जिनमें *चूर्णिकार* अन्य टीकाकारों से भिन्न हैं –**

१. कौन-सा नय किन-किन निक्षेप को मानता है, इस बाबत में *मलयगिरिजी* के मत से प्रथम चार नय चारों निक्षेप को मानते हैं, शब्दादि तीन नय केवल भावनिक्षेप को मानते हैं। ऐसा कहकर *मलयगिरिजी विशेषावश्यक भाष्य* का पाठ देते हैं। (देखें *आवश्यकनिर्युक्ति* – गाथा ८९० की *मलयगिरीय* टीका[2]।)

इससे विपरीत *चूर्णिकार* के मत में नैगम नय चारों निक्षेप मानता है। संग्रह-व्यवहार नय स्थापना के सिवाय तीन और ऋजुसूत्र स्थापना और द्रव्य के सिवाय २ निक्षेप मानता है। शब्दादि नय भावनिक्षेप को मानते हैं। (देखें *आवश्यकचूर्णि*[3] पृष्ठ ५०४।)

*मलयगिरिजी* ने इसका मतांतर रूप में उल्लेख कर खंडन किया है। संग्रह-व्यवहार-ऋजुसूत्र नय में भेद है, बाकी ४ नय तो समान है। मलयगिरिजी म. खंडन करते हुए युक्ति बताते हैं – यदि सामान्य-विशेषग्राही नैगम नय स्थापना को मानता है तो सामान्यग्राही संग्रह नय और विशेषग्राही व्यवहार नय स्थापना निक्षेप क्यों नहीं मानते?। सर्व-देशग्राही नैगम का संग्रह और व्यवहार में कई जगह अन्तर्भाव किया जाता है। अतः संग्रह-व्यवहार नय को स्थापना निक्षेप मानना चाहिए। 'ऋजुसूत्र स्थापना-द्रव्य निक्षेप नहीं मानता' यह कथन भी गलत है, क्योंकि स्थापना द्रव्य का आकारविशेष है और द्रव्य तो ऋजुसूत्रनय अवश्य मानता है। वर्तमान स्वकीय द्रव्य को वह द्रव्य (वस्तु) स्वीकारता है। वह निराकार ऐसे सुवर्णादि द्रव्य को भी मानता है तो साकार क्यों न माने? अतः ऋजुसूत्र भी चारों निक्षेपों को स्वीकारता है। (देखें *आवश्यकनिर्युक्ति* – गाथा ८९० की *मलयगिरीय* टीका।)

*हरिभद्रसूरिजी* ने इस बाबत में कोई स्पष्टता नहीं की है। उन्होंने *विशेषावश्यक* से यह विषय जानने की बात की है। (देखें *आवश्यकनिर्युक्ति* – गाथा ८९० की *हारिभद्रीय* वृत्ति[4]।)

२. राग के निक्षेप में *चूर्णिकार* रागवेदनीय योग्य बध्यमान, बद्ध और उदीरणा को प्राप्त पुद्गलों को द्रव्यराग तथा उदय में आए हुए पुद्गलों को भावराग कहते हैं। (देखें *आवश्यकचूर्णि*[5] पृष्ठ ५१४।) जबकि *मलयगिरिजी* और *हरिभद्रसूरिजी* भावराग में उदित पुद्गलों से उत्पन्न परिणामविशेष कहते हैं। (देखें *आवश्यकनिर्युक्ति* – गाथा

---

[2] नैगम-सङ्ग्रह-व्यवहार-ऋजुसूत्राश्चतुरोऽपि निक्षेपान् मन्यन्ते, शब्द-समभिरूढैवंभूतास्तु भावनिक्षेपमेव केवलम्। आह च *भाष्यकृत्* – भावं चिय सद्दनया सेसा इच्छंति सव्वनिक्खेवे। अन्ये पुनरेवं व्याचक्षते – नैगमश्चतुरोऽपि निक्षेपान् इच्छति, सङ्ग्रह-व्यवहारौ स्थापनावर्जान् त्रीन् निक्षेपान्, ऋजुसूत्रः स्थापना-द्रव्यवर्जौ द्वौ निक्षेपौ। तदेतदयुक्तम्, युक्तिविरोधात्। तथाहि – नैगमनयो यदि सामान्यग्राही विशेषग्राही च निर्विवादमविशेषेण स्थापनामिच्छति, ततः सामान्यग्राही सङ्ग्रहनयो विशेषावलम्बी च व्यवहारनयः कथं स्थापनां नेच्छेत् ?... तत्र तत्र प्रदेशे सर्वसङ्ग्राहिणो नैगमस्य सङ्ग्रहे देशसङ्ग्राहिणो व्यवहारेऽन्तर्भावविवक्षणात्। यदप्यवादीत् – स्थापनाद्रव्यवर्जौ... तदपि असमीचीनं, सम्यक् तत्त्वानभिज्ञानात्, तथाहि – स्थापना नाम द्रव्यस्याऽऽकारविशेषः, द्रव्यं च ऋजुसूत्रनयोऽवश्यमिच्छति... तद् यदि द्रव्यं सुवर्णादिकं पिण्डाद्यवस्थायां... निराकारमपीच्छति, भविष्यत्कुण्डलादिपर्यायलक्षणभावहेतुत्वात्, ततः साक्षात् साकारं कथं नेच्छेत् ? ॥

[3] संगहववहारा ठवणावज्जं इच्छंति, उज्जुसुतो ठवणदव्ववज्जं इच्छति ॥

[4] यो नयो यं निक्षेपमिच्छति तदेतद् *विशेषावश्यका*दाशङ्का-परिहारसहितं विज्ञेयम् ॥

[5] भावरागो रागवेदनीयं कम्मं उदिण्णं जाए वेलाए वेदेति ॥

९१८ की *मलयगिरीय* और *हारिभद्रीय* वृत्ति[6]। अलबत्त यहाँ *मलयगिरीय* और *हारिभद्री* टीका में उदय में आए पुद्गलों का किसी निक्षेप में समावेश नहीं होता।

*तत्त्वार्थसूत्र* के टीकाकार *सिद्धसेन गणिजी* भी आस्रवादि तत्त्वों के भावनिक्षेप में *चूर्णिकार* की तरह पुद्गलों को ही रखते हैं। (देखें *तत्त्वार्थसूत्र* १.५ *सिद्धसेनीय* टीका[7]।) अतः ये २ अर्थ भिन्न परंपरा के रूप में प्रतीत होते हैं।

**जिनमें *हरिभद्रसूरिजी* अन्य टीकाकारों से भिन्न हैं –**

१. सिद्धशिला का बाहल्य मध्य भाग से लेकर चरम अन्त तक घटता जाता है, ऐसा *हरिभद्रसूरिजी* लिखते हैं। (देखें आवश्यकनिर्युक्ति - गाथा ९६३-९६४ की *हारिभद्रीय* टीका[8]।)। जबकि *मलयगिरिजी* प्रथम ८ योजन में बाहल्य कम होने का निषेध करते हैं। (देखें *आवश्यकनिर्युक्ति* - गाथा ९६३-९६४ की *मलयगिरीय* टीका[9]।) टिप्पणकार *मलधारी हेमचंद्रसूरिजी हरिभद्रसूरिजी* के मत को स्पष्ट करने के बाद यह भी लिखते हैं कि *प्रज्ञापनासूत्र* के द्वितीय पद में ८ योजन में बाहल्य की हानि का निषेध है। *चूर्णिकार* ने इस बाबत में *प्रज्ञापना*नुसार जानने की प्ररूपणा की है। (देखें टिप्पणक[10])

**जिनमें सबके मत भिन्न हैं –**

१. सिद्धों का अलोक पर जाकर स्खलन होता है। उनका स्खलन लेष्टु की तरह नहीं होता, क्योंकि उनका अलोक के साथ संबंध नहीं होता। उनका अलोक के साथ संबंध न होने का कारण *मलयगिरिजी* अमूर्तत्व बताते हैं। (देखें *आवश्यकनिर्युक्ति* – गाथा ९५९ की *मलयगिरीय* टीका[11]।)। जबकि *हरिभद्रसूरिजी* ने संबंध न होने का कारण प्रदेशों का निष्प्रदेशत्व बताया है। इस बात को स्पष्ट करते हुए *मलधारी हेमचंद्रसूरिजी* लिखते हैं कि सिद्ध के जीवों का अलोकाकाश के प्रदेशों के साथ संबंध घटता नहीं है। यदि संबंध मानो तो कैसे मानोगे - सर्वात्मना या देशात्मना? यदि सर्वात्मना मानो तो आत्मा और अलोकाकाश के प्रदेश एक होने की आपत्ति आएगी। देशात्मना मानो तो प्रदेशों के भी प्रदेश मानने की आपत्ति आएगी। अतः दोनों पक्षों में संबंध घटता नहीं है। (देखें आवश्यकनिर्युक्ति - गाथा ९५९ की *हारिभद्रीय* वृत्ति[12] और *टिप्पणक[13]*।)

*चूर्णिकार* ने इस बाबत में कोई स्पष्टता नहीं की है।

---

[6] भावरागो... नोआगमतो रागवेदनीयकर्मोदयप्रभवः परिणामविशेषः ।।

[7] द्रव्यास्रवस्तु आत्मसमवेताः पुद्गलाः अनुदिताः रागादिपरिणामेन। भावास्रवस्तु त एवोदिताः। द्रव्यबन्धो निगडादिः, भावबन्धो प्रकृत्यादिः ।... द्रव्यनिर्जरा व्रीह्यादीनां, भावनिर्जरा कर्मपरिशाटः ॥

[8] गत्वा योजनं योजनं... परिहीयते । बहुमध्यदेशभागस्तस्मिन्नष्टैव योजनानि बाहल्यम्... ।।

[9] स च बहुमध्यदेशभाग आयामविष्कम्भाभ्यामष्टयोजनप्रमाणः । यथोक्तप्रमाणाद् बहुमध्यदेशभागात् परतः सर्वासु दिक्षु विदिक्षु च योजनं योजनं गत्वा अङ्गुलपृथक्त्वं परिहीयते ॥

[10] इदं चेहाऽविशेषेणोक्तत्वाद् इत्थं व्याख्यायते यावता *प्रज्ञापनायां* द्वितीयस्थानपदे मध्यभागवर्त्त्यष्टयोजनेषु हानिर्निषिद्धैव अतस्तन्मतेन मध्यभागाष्टयोजनवर्जा शेषक्षेत्रस्य हानिर्द्रष्टव्येति। (टिप्पणक)

[11] न तु सम्बन्धे सति भित्तौ लोष्टस्येव विघातः अमूर्तत्वात् ॥

[12] न तु सम्बन्धिविघातः प्रदेशानां निष्प्रदेशत्वाद् ॥

[13] न पुनर्दृष्ट्यादेरिव स्तम्भादिना सार्द्धं सम्बन्धे सति प्रतिघातः, सम्बन्धस्येवाऽनुपपत्तेः, तथाहि - एकैकस्य जीवप्रदेशस्यैकैकेनाऽलोकाकाशप्रदेशेन सह सम्बन्धो भवन् सर्वात्मना वा भवेत् देशात्मना वा ? यदि सर्वात्मनेति पक्षस्तर्हि जीवप्रदेशस्य सर्वात्मनाऽऽकाशप्रदेशेन सम्बद्धत्वादेकत्वप्रसङ्गः । अथ देशात्मनेति पक्षस्तदा प्रदेशेष्वपि प्रदेशप्रसक्तिः, तदयुक्तं, यदाह - प्रदेशानां निष्प्रदेशत्वाद् इति न हि प्रदेशेष्वपि प्रदेशाः सन्ति इत्येवं पक्षद्वयेऽपि सम्बन्धाभावात् तदानन्तर्यवृत्तिवदप्रतिस्खलनम्... ।।

२. सिद्ध भगवंत का अनित्थंस्थ संस्थान होता है । इसका कारण *मलयगिरिजी* अंतिम भव में योगनिरोध के समय शुषिर पूरना बताते हैं । (देखें आवश्यकनिर्युक्ति - गाथा ९७४ की *मलयगिरीय* टीका[14] ।) *हरिभद्रसूरिजी* ने कोई कारण स्पष्ट नहीं किया । टिप्पणक[15] में *मलधारी हेमचंद्रसूरिजी* अनियताकार का कारण अमूर्तत्व बताते हैं । क्योंकि संस्थान तो मूर्त वस्तु का धर्म है तथा सिद्ध तो अमूर्त हैं अतः उनका कोई स्वतः आकार नहीं है ।

**मुनि श्रीगोयमचंद्रविजयजी** (डहेलावाला-समुदाय)

* * *

# *चरणकरणानुयोग*

## જિનકલ્પી સાધુને પણ ઉપધિ હોઈ શકે છે !

જિનકલ્પીને પણ ઉપધિ હોય છે એ અંગે *રત્નસંચય* ગ્રંથમાં નીચેની ગાથાઓ ઉપલબ્ધ થાય છે –

पत्तं पत्ताबंधो, पायट्ठवणं च पायकेसरिया । पडला य रयत्ताणं गुच्छओ पायनिज्जोगो ।। ३८१ ।।
तिन्नेव य पच्छागा, रयहरणं चेव होइ मुहपत्ती । एसो दुवालसविही जहन्नियराणं जिणाणं तु ।। ३८२ ।।

અર્થ – ૧. પાત્ર ૨. પાત્રબંધ (ઝોળી) ૩. પાત્રસ્થાપન ૪. પાત્રકેસરિયા (ચરવળી) ૫. પડલા (ઝોળી ઢાંકવાના) ૬. રજસ્ત્રાણ (અંતરવસ્ત્ર) અને ૭. ગુચ્છા (ઉપર ઢાંકવાનું) - એ સાત પ્રકારે પાત્રનિયોગ - પાત્રનાં ઉપકરણો કહેવાય છે. તે ઉપરાંત ૮-૧૦. ત્રણ પ્રચ્છાદન (એક ઊનનું અને બે સુતરનાં કપડાં), ૧૧. રજોહરણ અને ૧૨. મુખવસ્ત્રિકા - આ બાર પ્રકારની ઉપધિ જઘન્યથી ઈતર એટલે હસ્તપાત્રની કે વસ્ત્રની લબ્ધિ વિનાના જિનકલ્પીને હોય છે. તેવી લબ્ધિવાળાને ઓછામાં ઓછી (જઘન્ય) મુહપત્તિ ને રજોહરણ એ બે પ્રકારની ઉપધિ જ હોય છે.

માત્ર ઓઘા અને મુહપત્તિવાળા, પણ વસ્ત્રરહિત એવા એક મુનિનું શિલ્પ શત્રુંજય ગિરિરાજ પર ચક્રેશ્વરી દેવીના મંદિરથી ઉપર ચડતા ડાબી બાજુની દિવાલ પર છે. સંભવ છે કે તે જિનકલ્પી મુનિનું હોય. **મુનિ શ્રીધન્યચંદ્રસાગરજી** (સાગરજી મ. નો સમુદાય)

* * *

# *धर्मकथानुयोग*

## કથાનકનું અલગ સ્વરૂપ

*શ્રીગુણચન્દ્રસૂરિ* કૃત *મહાવીરચરિયં* વગેરે ગ્રંથોના આધારે - હાલિક ખેડૂત પરાવર્તન પામવાનો હતો (દીક્ષા મૂકી દેવાનો હતો) તો પણ 'આને બોધિબીજ પ્રાપ્ત થાય છે' એમ જાણીને શ્રીગૌતમસ્વામીએ તેને તત્કાળ દીક્ષા આપી. પછી તે ખેડૂતે ભગવાન મહાવીર સ્વામીને જોયા અને પૂર્વભવના દ્વેષના કારણે રજોહરણનો ત્યાગ કરી દોડીને પોતાના ખેતરમાં જતો રહ્યો... - આ કથાનક પ્રસિદ્ધ છે. પરંતુ *ગુરુતત્ત્વવિનિશ્ચય* ગ્રંથના પ્રથમ ઉલ્લાસમાં ગાથા ૧૬ ના વિવેચનમાં આ કથાનકનું સ્વરૂપ અલગ જણાવાયું છે. તે આ પ્રમાણે -

હાલિક સમવસરણમાં આવ્યો. ભગવાનને જોઈને (પૂર્વ ભવનો દ્વેષ જાગૃત થવાથી) તે ધમધમી ઊઠ્યો. આથી ભગવાને તેને ઉપશાંત કરવા માટે ગૌતમસ્વામીને મોકલ્યા. તેમણે હિતોપદેશ આપતાં કહ્યું કે આ મહાત્મા તીર્થંકર છે. એમના ઉપર જે દ્વેષ કરે છે તે દુર્ગતિમાં જાય છે. આ પ્રમાણે તેને હિતોપદેશ આપીને ઉપશાંત કર્યો પછી તેને દીક્ષા આપી.

**મુનિ શ્રીસંભવચંદ્રસાગરજી** (સાગરજી મ. નો સમુદાય)

---

[14] योगनिरोधकाले देहत्रिभागस्य शुषिरस्य प्रदेशैरापूरणात् पूर्वसंस्थानान्यथाव्यवस्थानतः अनियताकारसंस्थानम् ।।

[15] परोपाधितः संस्थानमुच्यते न पुनस्तेषां स्वतः संस्थानमस्ति अमूर्तत्वात् संस्थानस्य च मूर्तवस्तुधर्मत्वाद् ।।

## પત્રચર્ચા

✉ (**શ્રુતસંવિભાગ-૮** માં 'વિહરમાન પરમાત્માનો વિરહ હોય કે કેમ?' તે સંબંધમાં)

ભરતક્ષેત્રના ઉત્સર્પિણીકાળમાં આઠમા તીર્થંકરથી સોળમા તીર્થંકરના સમયગાળામાં મહાવિદેહક્ષેત્રમાં જિનેશ્વરનો વિરહ ન થાય. પડતા કાળે ૧૬ મા તીર્થંકરનું નિર્વાણ થાય ત્યારે ૧૫ ક્ષેત્રમાં સાથે જ જિનવિરહ થાય. ત્યારબાદ ભરત અને ઐરવત ક્ષેત્રમાં ૧૦ નો જન્મ થાય. એટલે જઘન્યથી ૧૦ તીર્થંકર કહેવાય. ૧૭ મા અને ૧૮ મા તીર્થંકરની વચ્ચે મહાવિદેહમાં ૨૦ થાય તે જઘન્યથી ૨૦ તીર્થંકરો જાણવા.

આવતી ચોવીશીમાં ૭ મા અને ૮ મા તીર્થંકરની વચ્ચેના કાળમાં જ્યારે ૨૦ વિહરમાન જિન નિર્વાણ પામશે ત્યારે ૧૫ ક્ષેત્રમાં એક સાથે તીર્થંકરનો વિરહ થશે તેમ જાણવું. (વિવિધ વિષય – ભાગ – ૫ માંથી સંક્ષેપ)

**મુનિ શ્રીરાજદર્શનવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

✉ **શ્રુતસંવિભાગ – ૯** માં નલિનીગુલ્મ વિમાનનું સ્થાન પહેલા દેવલોકમાં હોવાનું જણાવાયું છે. પરંતુ *વસુદેવહિંડી* અને *સમવાયાંગજી* માં તેનું સ્થાન અનુક્રમે બારમા અને નવમા દેવલોકમાં હોવાનું જણાવાયું છે.

रयणमाला वि देवी संगहियवय-सील-रयणमाला कालगया अच्चुए चेव कप्पे <u>नलिणिगुम्मे</u> विमाणे उक्कोस-ट्ठितीओ देवो जातो । - *વસુદેવહિંડી* – ૧૬ બાલચંદાલંભો

आणए कप्पे देवाणं अत्थेगइयाणं जहण्णेणं अट्ठारस सागरोवमाइ ठिई, जे देवा कालं सुकालं महाकालं अंजणं रिट्ठं सालं समाणं दुमं महादुमं विसालं सुसालं पउमं पउमगुम्मं नलिणं <u>नलिणगुम्मं</u> पुंडरीयं पुंडरीयगुम्मं सहस्सारवडिंसगं विमाणं देवत्ताए उववण्णा तेसि णं देवाणं अट्ठारस सागरोवमाइ ठिई । - *સમવાયાંગ* - सूत्र १८

**મુનિ શ્રીશ્રુતાંગચંદ્રવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

[આના પરથી જણાય છે કે તે તે દેવલોકમાં રહેલાં તેવા પ્રકારનાં વિશિષ્ટ વિમાનો 'નલિનીગુલ્મ' તરીકે ઓળખાતાં હશે. – સં.]

✉ (**શ્રુતસંવિભાગ-૮** માં 'યુગલિકોમાં કોઈ અભવ્યનો આત્મા હોય કે નહિ?' તે સંબંધમાં)

*લઘુક્ષેત્રસમાસ* ની ૨૧૮ મી ગાથાની વૃત્તિમાં યુગલિક મનુષ્યના આયુષ્ય સંબંધી ચર્ચા કરતાં યુગલિકો વિશે વિશેષ જાણવા માટે *જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર* અને તેની વૃત્તિનો હવાલો અપાયો છે. ત્યાં તે જોતાં જણાય છે કે જ્યાં જ્યાં યુગલિક મનુષ્ય સંબંધી વાત હોય ત્યાં અધ્યાહારથી યુગલિક તિર્યંચ સંબંધી પણ યથાયોગ્ય જાણી લેવાનું હોય છે.

તો અભવ્યકુલકમાં जुअलमणुअत्तं પદથી અભવ્યનો જીવ યુગલિક મનુષ્યપણું ન પામે તેમ જણાવ્યું છે તો તેના ઉપલક્ષણથી યુગલિક તિર્યંચપણું પણ ન પામે તેવું વિચારી શકાય?

**મુનિ શ્રીસિદ્ધાર્થચંદ્રવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

✉ **શ્રુતસંવિભાગ – ૬** માં મુનિશ્રી ગોયમચંદ્રવિજયજીએ વિષ્ણુકુમારમુનિ દ્વારા રચાયેલ ઉત્તરવૈક્રિયશરીરને ક્યા પ્રમાણથી માપવું તે વિશે પ્રશ્ન કર્યો હતો. તે વિશે *સેનપ્રશ્ન* – ૧૧૩ માં જણાવ્યું છે કે –

'सरीरमुस्सेहअंगुलेण तह'त्ति वचनादेकान्तेन किं शरीरमानमिति प्रश्नेऽत्रोत्तरं – उत्सेधाङ्गुलेन शरीरमानमुक्त-मस्ति, तथापि तत् प्रायिकं सम्भाव्यते, तेन न काऽप्यनुपपत्तिः, यद्येकान्ततः शरीरमानमुत्सेधाङ्गुलेनैव स्यात् तदा *प्रज्ञापनोपाङ्गा*दावुक्तो द्वादशयोजनप्रमाणशरीरोऽऽसालिकाजीवो महाविदेहादिचक्रिणां प्रमाणाङ्गुलेन द्वादश-योजनप्रमाणस्य स्कन्धावारस्य विनाशहेतुः कथं सम्भवति? कथं वा कृतलक्षयोजनवैक्रियरूपेण सौधर्मदेवलोकं गतेन तेन चमरेन्द्रेणैकः पादः पद्मवरवेदिकायां मुक्तोऽपरश्च सुधर्मसभायामित्यादिकं *भगवत्यु*क्तं सम्भवतीति बोध्यम् ।।

અર્થાત્ શરીરનાં માપો ઉત્સેધાંગુલથી મપાય તે વાત પ્રાયિક છે. તે માટે અત્રે બે દૃષ્ટાંત અપાયાં છે –

1) આસાલિક જાતિના જીવો જેમનું શરીરપ્રમાણ ૧૨ યોજન હોય છે તે જીવો અચાનક મૃત્યુ પામતાં ત્યાં ખાડો પડે, અને તે ખાડામાં ચક્રવર્તીનું સૈન્ય ગરક થઈ જાય એમ કહેવાતું હોય છે. હવે, ચક્રવર્તીનું સૈન્ય તો પ્રમાણાંગુલ વડે ૧૨ યોજનનું હોય છે, તો તે આસાલિક જીવના શરીરને પણ પ્રમાણાંગુલથી ગણવું જોઈએ.

2) જ્યારે ચમરેન્દ્ર ૧ લાખ યોજનનું ઉત્તરવૈક્રિય શરીર બનાવે છે ત્યારે તે એક પગ પદ્મવરવેદિકા પર મૂકે છે અને બીજો પગ સુધર્મસભામાં મૂકે છે. તે વાત પણ પ્રમાણાંગુલથી જ ઘટી શકે.

તથા *સેનપ્રશ્ન* - ૨૮૦ માં પણ આ વિશે સ્પષ્ટ ખુલાસો કર્યો છે કે વિષ્ણુકુમાર મુનિ દ્વારા કરાયેલ ઉત્તરવૈક્રિય શરીરને ચમરેન્દ્રની જેમ પ્રમાણાંગુલથી ગણવામાં કોઈ દોષ નથી –

विष्णुकुमारकृतं सातिरेकलक्षयोजनप्रमाणरूपं चमरेन्द्रादिवत् प्रमाणाङ्गुलेनाऽपि सम्भवतीति न काऽपि विप्रतिपत्तिः ।।

આ વિશે પંડિત *શ્રીવીરવિજયજી* કૃત *પ્રશ્નચિંતામણિ* ગ્રંથમાં પણ આ જ વાત જણાવાઈ છે. તેમણે *પ્રવચનસારોદ્ધાર* ના આધારે શરીરને ત્રણેય માપ દ્વારા માપી શકાય તેમ કહ્યું છે.

ટૂંકમાં, જો વિષ્ણુકુમાર મુનિના ઉત્તરવૈક્રિય શરીરને પ્રમાણાંગુલથી કહેવામાં આવે તો તે શરીર મેરુપ્રમાણ થયું તે વાત સંગત થઈ જશે અને *દીપાલિકાકલ્પ* માં કહેલ - તે વખતે પૃથ્વીનું ધણધણી જવું, દેવતાઓનું સંભ્રાંત થવું, ગ્રહોનું ભયભીત થવું - તે વાત પણ સંગત થશે.

છતાં *હીરપ્રશ્ન* માં (પ્રકાશ - ૪) વિષ્ણુકુમારના શરીરને ઉત્સેધાંગુલથી જ માપવાનું કહ્યું છે તે વાત પણ ધ્યાનપાત્ર છે.

(**શ્રુતસંવિભાગ** – ૭ 'क्या तीर्थंकर भगवंत को भी देशना का परिश्रम होता है?' એ લેખ સંબંધે)

*કાળલોકપ્રકાશ* – સર્ગ - ૩૦, ગાથા - ૯૨૦ માં તીર્થંકરોને અશાતાવેદનીય કર્મ દુઃખ આપનાર થતું નથી તેમ સ્પષ્ટ જણાવ્યું છે –

असातवेदनीयाद्या दुष्टाः प्रकृतयोऽपि याः । दुग्धाब्धौ निम्बनिर्यास-बिन्दुवत् ता न दुःखदाः ।।

(**શ્રુતસંવિભાગ** – ૭ 'કળશોની સંખ્યા અંગે પ્રરૂપણાભેદ' એ લેખ સંબંધે)

*સેનપ્રશ્ન* – ઉલ્લાસ - ૨, પ્રશ્ન - ૨૦ માં કળશો વિશે આ રીતે વાત કહી છે –

पणवीसजोअणुत्तुंगो बारस य जोअणाइँ विच्छिन्नो । जोअणमेगं नालुअ इग कोडी सट्ठि लक्खाइं ।।

कलशानामियं सङ्ख्या कथं मिलति? तद् व्यक्त्या प्रसाद्यमिति । प्रश्नेऽत्रोत्तरं - सर्वमीलने सार्द्ध-द्विशताभिषेका-स्तथा कनकमयादीनामष्टप्रकाराणां कलशानां प्रत्येकमष्टाष्टौ सहस्रा इति चतुःषष्टिसहस्रकलशाः, तदङ्कस्याऽभिषेकाङ्केन गुणने गाथोक्ता कलशानां सङ्ख्या भवतीति सम्भावना छूटकपत्रे दृश्यत इति ।।

એટલે કે ૮ જાતિના ૮૦૦૦ કળશોને ૨૫૦ ગુણા કરતાં ૧,૬૦,૦૦,૦૦૦ કળશો થશે. આ વાત *શ્રીવીરવિજયજી* કૃત *સ્નાત્રપૂજા* થી સંગત થશે.

પરંતુ, સેનપ્રશ્ન – ઉલ્લાસ - ૪, પ્રશ્ન - ૧૬૩ ડુંગરપુર સંઘે કરેલ પ્રશ્નમાં વિશેષ વાત જણાય છે –

स्नात्रविधौ 'अट्ठसहस्सचउसट्ठिजुअपंचवरणकलसेहिँ' इत्युक्तम्, अन्तर्वाच्यमध्ये त्वेका कोटिः षष्टिलक्षाश्च कलशानामित्युक्तं तत्कथं सङ्गच्छत इति । प्रश्नेऽत्रोत्तरं – अन्तर्वाच्यमध्ये एका कोटिः षष्टिर्लक्षाश्च कलशानामित्युक्तं तत् स्थाप्यरूपतया सम्भाव्यते, तेभ्यः पानीयं भृत्वा स्नात्रकरणार्थं तु चतुःषष्ट्याधिकाष्टसहस्रकलशाः कथिताः सन्तीति सम्भाव्यते, तस्मादुभयमपि सङ्गच्छत इति ।।

અહીં કહ્યા મુજબ ૧,૬૦,૦૦,૦૦૦ કળશો સ્થાપ્યરૂપે છે. તેમાંથી જળ ભરીને સ્નાત્ર કરવા માટે ૮૦૬૪ કળશો કહેલા છે. આ સમાધાન સ્વયંસ્પષ્ટ અને સંપૂર્ણ જણાય છે.

(**શ્રુતસંવિભાગ** – ૩ 'પરમાધામી દેવો કઈ નરક સુધી જઈ શકે?' એ લેખ સંબંધે)

*સેનપ્રશ્ન* – ઉલ્લાસ - ૩, પ્રશ્ન - ૨૫૭ માં તે વિશે જણાવાયું છે કે –

*हेमपद्मचरित्रे* रामकेवलिवचनात् चतुर्थनरकस्थ-रावण-शम्बुकाभ्यां युध्यमानं परमाधार्मिककदर्थितं लक्ष्मणं दृष्ट्वा सीतेन्द्रस्तत्र गत्वा किञ्चिद् दुःखं न्यषेधयदित्युक्तं, तत्र चतुर्थनरके सीतेन्द्रगमनं परमाधार्मिककदर्थनं च कथं सङ्गच्छते, 'सहसारंतिय देवा नारयनेहेण जंति तइयभुवं । तिसु परमाहम्मिअकयावि०' इति *पञ्चसङ्ग्रह-सङ्ग्रहण्योः* प्रामाण्यादिति । प्रश्नेऽत्रोत्तरं – 'तिसु परमाहम्मिअकयावी'ति *सङ्ग्रहणी*-वचनस्य प्रायिकत्वात् चतुर्थपृथिव्यां रावणादेः परमाधार्मिककृताऽपि वेदना सम्भवतीति न विरोधः । 'सहसारन्तिय' त्ति *पञ्चसंग्रह*-गाथामाश्रित्य तु *पञ्चसंग्रह*-पुस्तकमत्र हस्तप्राप्यं नाऽस्तीति प्रत्युत्तरं न लिखितं, तेन तत् समयान्तरे ज्ञास्यत इति ।।

એટલે કે પરમાધામી દેવો ચોથી નરકમાં પણ હોઈ શકે છે.

**શ્રુતસંવિભાગ** – ૭ માં મુનિ શ્રીસુવ્રતચંદ્રવિજયજી એ *પ્રજ્ઞાપનાજી* ના આધારે *નવતત્ત્વ* ની जइआइ होइ पुच्छा ગાથા વિશે વિચારણા કરી હતી. તે વિચારણાને સ્પષ્ટ સમર્થન આપતો પાઠ *સેનપ્રશ્ન* માં વાંચવા મળ્યો –

*સેનપ્રશ્ન* - ઉલ્લાસ – ૧, પ્રશ્ન – ૭૪ –

जइआइ होइ पुच्छा, जिणाण मग्गंमि उत्तरं तइआ । इक्कस्स निगोअस्स य, अणंतभागो अ सिद्धिगओ ।।

इत्येतद् वचः किं बादरनिगोदापेक्षिकमुत सूक्ष्मनिगोदापेक्षिकम्? सूक्ष्मनिगोदापेक्षायामपि सांव्यवहारिक-सूक्ष्मनिगोदापेक्षिकत्वे व्यवहारराशिमनुप्राप्ता अपि केचन जीवा न मुक्तिं कदाचिद् यास्यन्तीति महत्यनुपपत्तिः कथं निरस्येति । प्रश्नेऽत्रोत्तरं - एकस्य निगोदस्याऽनन्ततमो भागो मोक्षं गत इति सामान्येनोक्तमस्ति, न तु सूक्ष्मनिगोदस्य बादरनिगोदस्य वेति विवेकेन, परमुभयथाऽपि न कश्चिद् विरोधो, यतो व्यवहारराशिं प्राप्ताः सर्वे जीवा मोक्षं यान्तीति नियमो नाऽस्ति, तथा च सति श्रीमदुद्भावितानुपपत्तिरप्यनवकाशेति ।।

(પાંચે પત્રો) **મુનિ શ્રીસૌમ્યચંદ્રવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

## <u>જિજ્ઞાસા</u>

*સ્થાનાંગ* – ૩.૧.૧૩૩ માં જણાવ્યા મુજબ ત્રણ કારણે તારા પોતાનું સ્થાન છોડે છે -

तिहिं ठाणेहिं ताराऱूवे चलिज्जा – तं जहा विकुव्वमाणे वा परियारेमाणे वा ठाणाओ वा ठाणं संकमाणे ताराऱूवे चलेज्जा ।। अर्थ –

૧. વૈક્રિય રૂપ વિકુર્વે ત્યારે ૨. મૈથુન માટે તૈયાર થાય ત્યારે ૩. ધાતકીખંડના મેરૂ પાસે પોતાનું સ્થાન હોય તે સ્થાનથી અન્યત્ર જવું હોય તો અથવા કોઈક મહર્દ્ધિક દેવ વગેરે ચમરેન્દ્રાદિની જેમ વૈક્રિય રૂપ વગેરે કરે તો તેને માર્ગ આપવા માટે ચન્દ્ર પોતાના સ્થાનથી ખસે. જઘન્યથી ૨૫૬ યોજન ખસી શકે અને ઉત્કૃષ્ટથી ૧૨૦૦૦ યોજન.

વ્યાઘાતિક અંતર અંગે વૃત્તિમાં ઉદ્ધૃત પાઠ અને તે અંગે સ્પષ્ટતા – तत्थ णं जे से वाघाइए अंतरे से जहन्नेणं दोन्नि छावट्ठे जोयणसए, उक्कोसेणं बारसजोयणसहस्साइं ।। तत्र व्याघातिकमन्तरं महर्द्धिकदेवस्य मार्गदानादिति ।।

પ્રશ્ન એ થાય કે આ તારાની વાત અઢી દ્વીપની અંદર જે છે તે જ્યોતિષની જ લેવાની ને? અને બીજું, વૈક્રિય રૂપ વિકુર્વે ત્યારે પણ મૂળ શરીર તો પોતાના સ્થાને જ રહે, તો આ વાત કોને આશ્રયીને સમજવી? **મુનિ શ્રીન્યાયરત્નવિજયજી** (શ્રીસિદ્ધિસૂરિજી-સમુદાય)

[આ પ્રશ્ન અંગે થોડુંક ગંભીર ચિંતન આવશ્યક જણાય છે. તે ભવિષ્યમાં રજૂ થશે. – **સં.**]

## इदमत्र चिन्त्यम्...

*શતક* કર્મગ્રંથમાં ગાથા ૮૨-૮૩ માં ગુણશ્રેણીનું વર્ણન આવે છે. તેમાં દેશવિરતિ અને સર્વવિરતિ નિમિત્તે થનારી ગુણશ્રેણીના વર્ણન પ્રસંગે *પં. શ્રીધીરજભાઈ* નું વિવેચન આ પ્રમાણે છે –

"દેશવિરતિ ગુણને પ્રાપ્ત કરવા ઉદ્યમશીલ થયેલો પ્રાયઃ અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવ યથાપ્રવૃત્ત અને અપૂર્વકરણ એમ બે કરણ કરે છે. ત્યારે અપૂર્વકરણના કાલથી વર્ધમાન પરિણામવાળો જીવ ગુણશ્રેણી કરે છે." – પૃષ્ઠ ક્ર. ૩૫૩

"સર્વવિરતિ ગુણશ્રેણી રચનાર પ્રાયઃ દેશવિરતિધર શ્રાવક-શ્રાવિકા હોય છે" – પૃષ્ઠ ક્ર. ૩૫૪

અહીં દેશવિરતિની ગુણશ્રેણી ચોથા ગુણઠાણે થાય એમ કહ્યું છે અને સર્વવિરતિની ગુણશ્રેણી પાંચમા ગુણઠાણે થાય એમ કહ્યું છે. (પ્રાયઃ કહેવાનું કારણ એ છે કે સમ્યક્ત્વ સાથે દેશવિરતિ અથવા સર્વવિરતિ પામનાર ક્યારેક મિથ્યાત્વી પણ હોય છે.) તથા અપૂર્વકરણના કાલથી જ ગુણશ્રેણી થાય એમ કહ્યું છે.

જ્યારે *શતક* કર્મગ્રંથનાં અન્ય વિવેચનોમાં અને *કમ્મપયડી, પંચસંગ્રહ* આદિ ગ્રંથોમાં આ બંને ગુણશ્રેણી અનુક્રમે પાંચમે-છટ્ઠે ગુણઠાણે થાય એમ જ કહ્યું છે. અને અપૂર્વકરણમાં ગુણશ્રેણી નથી થતી એમ પણ કહ્યું છે. એટલે ઉપરોક્ત વિવેચનની બંને પ્રરૂપણાઓ વિચારણીય જણાય છે. જુઓ મૂળ પાઠ –

कथं पुनर्देशविरति-सर्वविरत्योर्लाभः? ... ततोऽपूर्वकरणं तदपि तथैव । नवरमिह गुणश्रेणिर्न वक्तव्या । अपूर्वकरणाद्धायां च परिसमाप्तायामनन्तरसमये नियमाद् देशविरतिं सर्वविरतिं वा प्रतिपद्यते । ततोऽनिवृत्तिकरणं तृतीयमिति नाऽवाप्यते । इह यद्यविरतः सन् यथोक्ते करणे करोति, ततो देशविरतिं सर्वविरतिं वा प्रतिपद्यते । अथ देशविरतस्तर्हि सर्वविरतिमेव । 'पच्छेत्यादि' द्वयोः करणयोर्गतयोः सतोः पश्चाद् देशविरतिं सर्वविरतिं वा प्रतिपन्नः सन् उदयावलिकाया उपरि गुणश्रेणिमारचयति । - *કમ્મપયડી, મલયગિરીયા* વૃત્તિ, ગાથા – ૨૯, ઉપશમનાકરણ

इहाऽविरतसम्यग्दृष्टिर्दर्शनमोहनीयत्रितयं क्षपयितुमभ्युद्यतो गुणश्रेणिं करोति, ततः स एव देशविरतिं प्रतिप्रन्नः ततस्तन्निमित्तां गुणश्रेणिं करोति, ततः स एव सर्वविरतिमभ्युपगतवांस्ततः ततः सर्वविरतिनिमित्तां गुणश्रेणिं करोति । - *પંચસંગ્રહ*, ખંડ - ૧, દ્વાર – ૫, ગાથા - ૧૧૭, *મલયગિરીયા* વૃત્તિ

આમ અનેક સ્થાનોએ દેશવિરતિ અને સર્વવિરતિના નિમિત્તે થનારી ગુણશ્રેણી દેશવિરતિ અને સર્વવિરતિ પ્રાપ્ત થયા પછી જ થાય એમ કહ્યું છે, તો *પં. શ્રીધીરજભાઈ* એ પ્રસ્તુત વિવેચનમાં કેમ એ બે ગુણશ્રેણી ચોથે અને પાંચમે ગુણઠાણે કહી હશે? વળી તેમણે પોતે જ *કમ્મપયડી* ના વિવેચનના ત્રીજા ભાગમાં પૃષ્ઠ ક્ર. ૧૭૯ ઉપર સ્પષ્ટ લખ્યું છે કે આ બે ગુણશ્રેણી અપૂર્વકરણમાં થતી નથી, દેશવિરતિ-સર્વવિરતિ પામ્યા પછી જ થાય છે. તો *શતક* ના પ્રસ્તુત વિવેચનમાં તેને અપૂર્વકરણના કાલથી જ કહેવાનું શું કારણ હોઈ શકે? - **મુનિ શ્રીસૌમ્યચંદ્રવિજયજી, મુનિ શ્રીશ્રુતાંગચંદ્રવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

[મિત્ર મુનિવરો પોતાના અભ્યાસ દરમ્યાન કોઈ પણ ગ્રંથમાં જોવા મળેલાં શુદ્ધિપાત્ર સ્થાનો કે વિચારણીય સ્થળો આ કોલમના માધ્યમથી રજૂ કરી શકે છે. અન્ય મુનિવરોને સ્વાધ્યાયમાં ઉપયોગી થવાનો આ પણ એક અનુમોદનીય પ્રકાર છે. – **સં.**]

**શ્રુતસંવિભાગ - ૧૧** શ્રાવણ શુદિ પંચમી, સં. ૨૦૭૪ ના દિવસે પ્રગટ થશે.
અષાઢ શુદિ એકમ, સં. ૨૦૭૪ સુધીમાં મળનારા લેખો/લખાણોનો સમાવેશ આગામી અંકમાં કરવો શક્ય બનશે.
મિત્ર મુનિવરોને પોતાના બહુમૂલ્ય સ્વાધ્યાયનો લાભ **શ્રુતસંવિભાગ** ના માધ્યમથી વહેંચવા હાર્દિક આમંત્રણ છે.

---

* **શ્રુતસંવિભાગ** માં પ્રગટ થતી સામગ્રી વિચારણાત્મક સમજવી, નિર્ણયરૂપ નહીં. ચિંતન દ્વારા આ વિચારણાને આગળ વધારવા વિનંતિ.

* સંકલન : **મુનિ ત્રૈલોક્યમંડનવિજય** (શ્રીનેમિસૂરિજી-સમુદાય) સંપર્ક : c\o અતુલ એચ. કાપડિયા, A\9 જાગૃતિ ફ્લેટ્સ, મહાવીર ટાવર પાછળ, પાલડી, અમદાવાદ 380 007 મો. 99798 52135.